ગાંધીનગર સમાચાર

તા. ૨૧-૬-૨૦૧૩, શુક્રવાર

## તંત્રી સ્થાનેથી.....

### કુદરતનો કોપ કે માનવીની ભવાઈ?

સંહારના દેવ ગણાતા દેવાધિદેવ મહાદેવની લીલાભૂમિમાં અણધાર્યા વહેરા ચોમાસાનાં વાદળ ફાટતાં હાહાકાર મચી ગયો છે. ખુદ સોનિયા ગાંધીએ હવાઈ નિરીક્ષણ પછી કબૂલ્યું છે કે એમણે આવો વિનાશ એમની જિંદગી દરમિયાન કયારેય જોયો નથી. કુદરતી આફત આવે છે ત્યારે એ કોઈ લક્ષ્મણરેખાને સ્વીકારતી નથી. માણસ કુદરત સાથે સહર્નિશ અટકચાળાં કરતો રહે છે. નાછૂટકે કુદરત વળતો ઘા ઝીંકે છે. ભૂકંપ, સુનામી અને વાવાઝોડાંનો આપણા દેશને પૂરતો અનુભવ હતો. જમીન ધસી પડવી અને વાહનવ્યવહાર કલાકો લગી ખોરવાઈ જવો એ હિમાલયની ગોદમાં વસેલી પ્રજા માટે લગભગ રોજિંદી કહેવાય એવી બાબતો છે. પરંતુ આ વખતે જે વિનાશ સરજાયો છે તે કલ્પના બહારનો છે. આટલી બધી પ્રગતિ કર્યા પછી અને મહાસત્તા બનવાની દિશામાં હરણફાળ ભર્યા પછી પણ આપણે ઘણી બધી બાબતો રામભરોસે છોડીને ચાલતા રહ્યા છીએ. આવા વિનાશને પણ આપણું અંધશ્રધ્ધાળુ માનસ તો શિવજીની ત્રીજી આંખ ઊઘડી ગયાનું પરિણામ જ ગણે છે. મહાત્મા ગાંધી જેવી સહસ્રાબ્દીની વિભૂતિએ ૧૯૩૪માં બિહારમાં આવેલા ભૂકંપને માનવીનાં પાપોનું પરિણામ ગણાવેલો! એકવીસમી સદીમાં પણ એવા પુરાતન પંથીઓનો તોટો નથી જે કેદારનાથના પ્રાંગણમાં ખેલાયેલા તાંડવને આવાં જ કોઈ પાપની પરિણતિ માનતા હશે. જળપ્રલયની આદિમ કલ્પના પરથી આપણા સાહિત્યમાં 'કામાયની' જેવાં મહાકાવ્યો રચાયાં છે. 'જળ એ જ જીવન' વાળું સૂત્ર કુદરત કોપે ત્યારે સાવ ઊલટું પડતું વરતાય છે. ઉત્તરાખંડમાં પણ કચ્છની જેમ વારંવાર ભૂકંપ આવતો રહે છે. પરંતુ ભૂકંપનો વિનાશ આટલો વ્યાપક નથી હોતો. લોકો આવા આંચકાઓથી ટેવાઈ ગયા છે. જળપ્રલયનો અનુભવ પણ આ પહાડી પ્રદેશને ઓછાવત્તા પ્રમાણમાં છે, પરંતુ વાદળ ફાટે ત્યારે બહુ બહુ તો થોડાક જીવ ફસાઈ જાય, પૂરમાં ઢોરઢાંખર તણાઈ જાય અને થોડા વખત પછી બધું નૉર્મલ થઈ જાય. આ વખત મેઘતાંડવમાં તો ગામનાં ગામ ડૂબી ગયાં છે. નાનામોટા છસો પચાસ રસ્તા સમૂળગા તૂટી ગયા છે. હજારો માણસોએ જીવ ગુમાવ્યાની આશંકા સેવાઈ રહી છે. હજારો સૈનિકો અને ઈન્ડોતિબેટ પોલીસ ફોર્સના જવાનો પૂરમાં ફસાયેલા માણસોને બચાવવા જાનનું જોખમ ખેડીને જહેમત ઉઠાવી રહ્યા છે. સેનાના નવહજાર સૈનિકો ફરજ બજાવી રહ્યા છે પરંતુ હજી એવાં અસંખ્ય ગામો છે જેમનો સંપર્ક સ્થાપિત કરી શકાયો નથી. આવાં માણસો પૈકી જે જળપ્રલયનો ભોગ નહીં બન્યા હોય એવા અનેક લોકો કોઈ આકાશી મદદની આશાએ જ્યાં જગ્યા મળી હશે ત્યાં ચૂપચાપ સ્થિર થઈ ગયા હશે. પરંતુ પ્રશ્ન એમની ભૂખ-તરસનો પણ છે. ભૂખ તરસ વેઠવાની પણ એક મર્યાદા હોય છે. જળપ્રવાહમાં તણાઈ ગયેલા અથવા પર્વત ધસી પડતાં દટાઈ ગયેલા કમનસીબ યાત્રાળુઓ કે ગ્રામવાસીઓ કરતાં અડધે રસ્તે ફસાઈ ગયેલા કમનસીબ યાત્રાળુઓ બદતર છે. મરનાર તો મરી ગયા, ગૂમ થયેલાઓ પૈકી કેટલા જીવતા હશે એ પણ પ્રશ્ન છે, પરંતુ પાછળ રહેનારા કટકે કપાઈ રહ્યા છે. માણસની માણસાઈ કેવી મરી પરવારી છે એનાં અનેક ઉદાહરણ આવા મુસાફરોને ખાદ્યપદાર્થો અને દૂધ જેવી જીવન જરૂરીયાતની વસ્તુઓના અકલ્પનીય ભાવવધારા સ્વરૂપે જોવા મળી રહ્યાં છે. પાંચ રૂપિયાનું બિસ્કિટનું પેકેટ સો રૂપિયાના ભાવે વેચાઈ રહ્યું છે. સરકાર પણ અસહાયતા અનુભવી રહી છે. હેલિકૉપ્ટરો માટે ઊતરવાની જગ્યા તો જોઈએ ને? એટલે ઘણા બધા વિસ્તારોમાં ફસાયેલા માણસોને બચાવવા માટે આકાશમાં સમડી કે ગીધની જેમ ઊડાઊડ કરતાં આ આકાશી યાનો ફક્ત હવાઈ નિરીક્ષણ કરીને પાછાં ફરી રહ્યાં છે. કાળા માથાના માનવીએ કુદરત સામે બાથ ભીડવામાં કંઈ જ બાકી નથી રાખ્યું પરંતુ હજી એનો પનો ઘણો ટૂંકો પડે છે.

# સેકટર-૨ની પ્રાથમિક શાળામાં ઉત્સાહભેર શાળા પ્રવેશોત્સવ ઉજવાયો

ગાંધીનગર, તા. ૨૦

ગાંધીનગર જિલ્લામાં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવના બીજા તબક્કાનો આજથી -ારંભ થયો છે. આજરોજ ગાંધીનગરની સેકટર-૨ ની સરકારી -ાથમિક શાળામાં ગુડાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભાવસારના હસ્તે ધોરણ-૧ માં -વેશ પામતાં બાળકોને તિલક કરી,દફતર કીટ આપી -ોત્સાહિત કરવામાં આવ્યા હતા. સાથે જ તેજસ્વી વિર્ધાર્થીઓને ઈનામો વિતરિત કરાયા હતા. આ -સંગે ગુડાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભાવસારે જણાવ્યું હતું કે,ભારતીય સંસ્કુતિમાં શિક્ષણને ચો દરજજો આપવામાં આવેલો છે.રાજય સરકારે શિક્ષણ પદ્ધતિમાં આમૂલ પરિવર્તનો આણી ગુણવત્તા સુધારણા માટે શ્રેણીબધ્ધ પગલાં ભર્યાં છે,જેને કારણે આજે ૧૦૦ ટકા નામાંકન થાય છે અને ડ્રોપ આઉટ રેશિયો પણ ધટયો છે. શાળા -વેશને એક મંગલમય અવસર બનાવાયો છે.





સમાજજીવનમાં વિવિધ માંગલિક -સંગોની ઉજવણી થતી હોય છે. લગ્નતિથિ,જન્મદિવસની જેમ શાળાના જન્મદિવસની પણ સહુએ સાથે મળી ઉજવણી કરવી જોઈએ, જેથી એક વાતાવરણ રચાય, શિક્ષણલક્ષી સમાજવ્યવસ્થાની ભૂમિકા બંધાય. મુખ્ય મંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ શાળાના જન્મદિવસની ઉજવણી કરવા પર ખાસ ભાર મુક્યો છે. ત્યારે આ નવતર અભિયાનમાં સહુએ ઉત્સાહથી જોડાવવું જોઈએ એમ શ્રી અશોકભાઈ ભાવસારે ભારપુર્વક અનુરોધ કર્યો હતો.

આ કાર્યક્રમમાં શહેર ભાજપના મહામંત્રી શ્રી અતુલભાઈ પટેલ, શહેર મંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, મહાનગર પાલિકાના કોર્પોરેટર સર્વશ્રી કિરણભાઈ પટેલ, મનુભાઈ પટેલ, રમીલાબેન પરમાર, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન શ્રી આશિષભાઈ દવે, દાતાઓ, આચાર્યા શ્રીમતી હંસાબેન ત્રિવેદી, શિક્ષણ નિરીક્ષક શ્રી સી.એસ.પટેલ, સેકટર-૨ના અગ્રણી વસાહતીઓ વગેરે ઉપસ્થિત રહયાં હતા.

સેકટર- ૨ની શાળામાં યોજાયેલા -વેશોત્સવના કાર્યક્રમ દરમ્યાન મુખ્ય મહેમાન ગુડાના અધ્યક્ષ શ્રી અશોકભાઈ ભાવસારે શાળા જન્મ દિવસની ઉજવણી, શાળા સાથે સતત સંપર્ક દ્વારા સહયોગિતા અને તિથિ ભોજન માટે -ેરક અનુરોધ કર્યો હતો. કાર્યક્રમ દરમ્યાન આઠ દાતાઓએ શાળામાં બાળકોને તિથીભોજન માટે પોતાના નામ નોંધાવ્યા હતા. સર્વશ્રી મનુભાઈ પટેલ, આશિષ દવે, રમીલાબેન પરમાર, કિરણભાઈ પટેલ, આર.આર.પટેલ, જયેશભાઈ બ્રહ્મભટ્ટ, કાન્તિભાઈ નાયી, તથા સુરેશભાઈ પટેલે તિથિભોજન દાતા તરીકે નામ નોંધાવતા સહુએ તેમને વધાવી લીધા હતા

# સેકટર-૨૦ પ્રાથમિક શાળામાં પ્રવેશોત્સવ યોજાયો

ગાંધીનગર મ્યુનિસિપલ વિસ્તારની સેકટર - ૨૦ની -ાથમિક શાળા નંબર- ૧માં શાળા -વેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવનો કાર્યક્રમ યોજાયો હતો. આ -સંગે નર્મદા, વોટર રીસોર્સીસ વોટર સપ્લાય અને કલ્પસર વિભાગના અગ્ર સચિવ શ્રી ડૉ.રાજીવકુમાર ગુપ્તા અને ગાંધીનગર (ઉ)ના ધારાસભ્ય શ્રી અશોકભાઈ પટેલના હસ્તે ધોરણ-૧ના બાળકોની -વેશવિધિ સંપન્ન કરાવવામાં આવી હતી. ગાંધીનગર વસાહત મંડળના -મુખ અરૂણભાઈ બુચ, ભાજપના અગ્રણીઓમાં સર્વશ્રી વિષ્ણુભાઈ પટેલ, કેતનભાઈ પટેલ, નરેન્દ્રભાઈ પંચાલ, રામભાઈ મિસ્ત્રી, વિપુલભાઈ પટેલ સહિત મોટી સંખ્યામાં વાલીઓ ઉપસ્થિત રહયાં હતાં.






તમારા ચાઈલ્ડ સ્કૂલ એન્ટરન્સ માટે લાયક છે, પરંતુ તમારે મહેનત કરવી પડશે... તમારી મન્થલી આવક અત્યારે એક લાખ છે તેને કમસે કમ ત્રણ ગણી કરવી પડે તેમ છે.

## દેસાઈ સમાજનું ગૌરવ વધારતી દિશા દેસાઈ

ગાંધીનગર, તા.૨૦

ગાંધીનગર શહેરની સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત આર.જી. કન્યા વિદ્યાલયની ધોરણ-૧૦માં અભ્યાસ કરતી દિશાબેન ઈશ્વરભાઈ દેસાઈએ ૯૯.૭૭ પર્સન્ટાઈલ રેન્ક અને એ-વન ગ્રેડ મેળવી ૯૧.૮૩ ટકા સાથે દેસાઈ સમાજનું ગૌરવ વધાર્યું છે.



માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા માર્ચ ૨૦૧૩માં લેવાયેલી ધોરણ-૧૦ની પરીક્ષામાં ગાંધીનગરની દિશાબેન દેસાઈએ ગુજરાતી વિષયમાં ૮૧, સામાજિક વિજ્ઞાનમાં ૯૧, વિજ્ઞાન અને ટેકનોલોજીમાં ૯૫, ગણિતમાં ૯૮, અંગ્રેજીમાં ૯૬ અને સંસ્કૃતમાં ૯૦ ગુણ મેળવી ૬૦૦માંથી ૫૫૧ ગુણ પ્રાપ્ત કર્યા છે. શાળાના આચાર્યા સુધાબેન અને શિક્ષકગણે તથા સમાજના અગ્રણી સ્નેહી બંધુઓએ વિદ્યાર્થીની દીશાને હાર્દિક અભિનંદન પાઠવી આગામી વર્ષોમાં શૈક્ષણિક ક્ષેત્રે ઉચ્ચ સિદ્ધિ મેળવે તેવા આશિષ પાઠવ્યા છે.

## ૨૩મી જૂનથી ડિપ્લોમા ઈન એજ્યુકેશનલ કાઉન્સિલના અભ્યાસક્રમો શુભારંભ

ગાંધીનગર, તા. ૨૦

ઈન્ડીયન ઈન્સ્ટીટ્યુટ ઓફ ટીચર એજયુકેશન યુનિવર્સિટી ગાંધીનગર દ્વારા રાજયના ઈન સર્વિસ શિક્ષકોને કેન્દ્રમાં રાખી અને તૈયાર કરવામાં આવેલ ડિપ્લોમા ઈન એજ્યુકેશનલ કાઉન્સિલીંગ તેમજ ડિપ્લોમા ઈન એજ્યુકેશનલ ઈન મેનેજમેન્ટ એમ બે ડિપ્લોમા અભ્યાસક્રમો પ્રારંભ તા. ૨૩મી જૂનના રોજ ગાંધીનગર ખાતે ઈન્ડકશન પ્રોગ્રામ દ્વારા થઈ રહેલ છે. પ્રથમ કુલપતિ ડો. કમલેશ જોષીપુરાના અધ્યક્ષ સ્થાને ઉદ્‌ઘાટન થશે. ગુજરાત સાહિત્ય પરિષદના પ્રમુખ અને જાણીતા લેખિકા વર્ષા અડાલજાની ઉપસ્થિતિ રહેશે.

યુનિવર્સિટીના પ્રથમ કુલસચિવ બીપીનભાઈ ભટ્ટ, એકેડમીક ઈન્ચાર્જ ડૉ. સુનિલ સાગર, કોર્સ કો-ઓડીનેટર ડો. વિપુલ ઠાકર અને ટીમ એજયુકેશનના ફેકલ્ટીની મદદ લઈ તજજ્ઞો સેવા આપશે.

પ્રથમ બેચ રવિવારે શુભારંભ થશે. પ્રત્યેક અભ્યાસક્રમમાં ચાર પેપર્સ રાખવામાં આવે છે. ૪૫ કલાકના સર્વગ્રાહી રીતે અભ્યાસક્રમમાં બંને વિષયોના સંદર્ભમાં માર્ગદર્શન આપશે.

## કોઈપણ ઔપચારિક સંગીત તાલીમ નહીં પણ આંતરિક સુઝ, ઊંડી લગન, ખંતપૂર્વક રિયાઝ, શ્રવણ અને વાંચન દ્વારા કરેલી સંગીત સાધના વડે મયંકભાઈએ સુરમધુર કલાવૃંદના અનેક સ્ટેજ શોની સફળ રજૂઆત કરી છે

### કેફિયત કલા સાધકની

આશા સરવૈયા

કલા વિશે અધ્યયન કરતાં જાણવા મળે છે કે, ભારતમાં ચોસઠ પ્રકારની કલાઓ અસ્તિત્વમાં છે. ઘણા કલાકારો તો એકથી વધુ કલામાં નિપૂર્ણતા ધરાવે છે. કોઈ એક કલાકાર વિશે વાંચેલુ યાદ આવે છે કે, ''તેમને કઈ કલા હસ્તગત છે તે કરતાં તેમણે કઈ કલા સાધ્ય નથી તે શોધવું મુશ્કેલ છે.'' આજે આપણે આવા જ એક બહુમુખી પ્રતિભા ધરાવતા કલાકરાનો પરિચય કરીએ. આ કલાકાર છે મયંક દવે.

૧૯૫૮માં મહેસાણામાં જન્મેલાં મયંકભાઈનું વતન વીસનગર. પિતા-રજનીકાન્ત દવે. માતા-સ્નેહલત્તાબેન. પિતાજી નાટ્યકલાકાર અને અભિનય ઉપરાંત નાટકોમાં સંગતી અને ગાયન આપવાનું શરૂ કરીને વર્ષો સુધી આ ક્ષેત્રે પ્રવૃત્ત રહ્યા. માતા ચિત્રકાર, ગરબાનાં કલાકાર, રમતવીર અને સચોટ જયોતિષી (પોતાની મૃત્યુતિથિ તેઓએ અગાઉથી જણાવેલ!) હતા. કર્મમાં જ માનનારા દાદા પ્રહલાદજી દવેએ નિવૃત્તિ પછી મળેલી પોતાની તમામ આવક વિદ્યાદાન કરી વાલમ (વીસનગર) ખાતે પ્ર.હ. દવે વિદ્યા વિહાર હાયર સેકેન્ડરી સ્કૂલ બનાવી. દાદા, માતા અને પિતા તરફથી મળેલા વૈવિધ્યપૂર્ણ કલાનો અઢળક વારસો (સંગીત, નાટ્ય, નૃત્ય, ચિત્ર, જયોતિષ, વિદ્યાદાન, કલાદાન) મયંક ભાઈએ આજે ભલીભાંતિ જાળવી રાખ્યો છે. જેનો એક પુરાવો સેક્ટર-૪ના તેમનાં ઘર 'સ્નેહ-રજની' માં પ્રવેશ કરો એટલે 'મા સરસ્વતીનાં' દર્શનથી જ તેનો સાક્ષાતકાર થઈ જાય!

મયંકભાઈનો શાળાભ્યાસ ૧ થી ૧૦ ધોરણ વિજાપુર, ધો-૧૧ અને કૉલેજ અભ્યાસ (સિવિલ એન્જિ. અને સાઉન્ડ એન્જિ.) પણ રાજકોટ ખાતે અને ત્યારબાદ AMIE નો અભ્યાસ કર્યો.

શાળામાં ચિત્રો, રંગોળીના પ્રદર્શનોમાં ભાગ લઈને ઈનામો પ્રાપ્ત કર્યા. સંગીત ક્ષેત્રે માત્ર સાત વર્ષની ઉંમરે પિતાનું હાર્મોનિયમ અને મામા પાસેથી લાવેલા તબલા ઉપર રિયાજ શરૂ કર્યો. આકાશવાણી પરથી ભજનો આવે અને મયંકભાઈ સાથે સાથે તબલા વગાડે, પ્રિય વાજિંત્ર બેન્જો પર પણ હાથ અજમાવ્યો. અને મોટાભાઈ સર્વજ્ઞ દવે (નાટ્યકાર) સાથે મળીને શાળામાં રજૂ થયેલ ''આતમને અજવાળે'' નૃત્ય નાટિકાથી પ્રેરાઈને સંગીત પીરસવાની શરૂઆત કરી. અને સંગીતાકાશમાં એક ઝળહળતા તારાનો ચમકારો થયો.

રાજકોટ ખાતે કૉલેજ અભ્યાસ સાથે સંગીતની કારકિર્દી પણ શરૂ થઈ. 'સ્વીટ મેલોડીજ' ઓરકેસ્ટ્રા ગ્રુપની સ્થાપના કરીને રાજકોટની મોટાભાગની કૉલેજમાં ટેલેન્ટ કાર્યક્રમો કરવાનું શરૂ કર્યું. જેમાં રાસ, ગરબા, નૃત્યો અને ઓરકેસ્ટ્રાનું દિગ્દર્શન અને સમગ્ર સંચાલનનો બહોળો અનુભવ પ્રાપ્ત થયો. અને ધીમે ધીમે ''સ્વીટ મેલોડીઝ'' ની સ્વીટ ટ્યુન્સથી રાજકોટ મીઠું મધુરૂં બની ગયું. 'યંગ આર્ટીસ્ટ સર્કલ' (ભૂપેન્દ્ર વડાવડા સંચાલિત) સાથે મળીને મયંકભાઈ એ સંગીતના અનેક કાર્યક્રમો રજૂ કર્યા. અને એ પછી 'સ્વીટ ટ્યુન ઓરકેસ્ટ્રા' નામથી મયંકભાઈ કાર્યક્રમોનું સંચાલન કરવા લાગ્યા.

રાજકોટ ખાતે એન્જિનીયરીંગનો અભ્યાસ પૂર્ણ કરી ૧૯૭૯માં ગેરી (ગુજરાત એન્જિ. રીસર્ચ ઈન્સ્ટીટયુટ)માં એન્જિનીયરીંગ તરીકે સરકારી નોકરી અને આજ વર્ષ સપ્તપદીના સાત ફેરા સાથે નવા જીવનની શરૂઆત કરી. પાડોશમાં રહેતી 'વીણા'ને જીવનસંગીની બનાવીને ખરા અર્થમાં મયંકભાઈની વીણાનો તારો ઝણઝણવા લાગ્યા!

૧-૪-૮૦ માં બદલી થતા મયંક-વીણા ગાંધીનગર આવી વસ્યા. ગાંધીનગરમાં આવીને ચંદ્ર સ્ટુડીયોવાળા શર્માજી પાસે ફોટોગ્રાફીની વિવિધ ટેકનીક (ડાર્કરૂમ)ની તાલીમ લીધી. અમદાવાદના પ્રખ્યાત 'લાખીયા બ્રધર્સ' ઓરકેસ્ટ્રામાં કી-બોર્ડ પ્લેયર તરીકેની મુખ્ય જવાબદારી સંભાળી. સાથે સાથે સિતારનો અભ્યાસ પણ શરૂ કર્યો. ગાંધીનગરમાં ત્રિકમભાઈ તપોધન, શંકરભાઈ પરમાર, સંજીવ મહેતા, કનુભાઈ શ્રીમાળી વિ. મિત્રો સાથે શું પ્રવૃત્તિ કરવી તે અંગે ચર્ચાવિચારણા અને મનોમંથન અંતે મયંકભાઈએ ત્રિકમભાઈ સાથે મળીને ૧૭-૩-૮૩ના રોજ 'સુર મધુર કલાવૃંદ'ની સ્થાપના કરીને જાહેર કલાસેવાની શરૂઆત કરી.

સુર મધુર કલાવૃંદમાં ત્રણ દિવસ શાસ્ત્રીય સંગીત (ત્રિકમભાઈ) ત્રણ દિવસ સુગમ અને ફિલ્મી સંગીત (મયંકભાઈ) ના વર્ગો ચાલતા. એકાદ-બે વર્ષ બાદ ત્રિકમદાદાની અનુકૂળતા ન હોવાના કારણે સુરમધુરનું સુકાન મયંકભાઈએ સંભાળ્યું. મયંકભાઈના પુરૂષાર્થ, નિષ્ઠા અને સુઝના કારણે, પ્રખ્યાત કથાકાર કનૈયાલાલ પંડ્યા (સ્થાપક સભ્ય)થી લઈને સુરેશ રત્નોત્તર, વિજય પંડ્યા, અપૂર્વ ભટ્ટ, અર્પણા-નીકીતા પંડ્યા જેવા સફળ કલાકારોએ સંગીતની કલાસાધનાની શરૂઆત કરી. અનેક નામી કલાકારો સુરમધુરે કલાસાધનાની શરૂઆત કરી. અનેક નામી કલાકારો સુરમધુરે કલાજગતને આપ્યા છે, જેમાં નઈમખાન પઠાણ, દિગંત ભટ્ટ, મિહીર આચાર્ય, મુકેશ



પરમાર, જીજ્ઞેશ ભટ્ટ, જયેશ તપોધન વિ. મુખ્ય છે. આ વર્ગો અંગેની નોંધપાત્ર બાબત એ છે કે શિષ્યો પાસેથી કોઈ પણ જાતની ફી લીધા વિના તાલીમ આપીને મયંકભાઈએ દાદાના વારસાને ઉજાગર કર્યો છે.

મયંકભાઈએ આજ સમયમાં સંગીતક્ષેત્રે 'ધી ઈફેક્ટ જનરેટર બોક્સ' સ્વપ્રયત્નોથી સૌ પ્રથમ વાર બનાવ્યું. જેમાંથી નાટકોનાં બેકગ્રાઉન્ડ માટેનાં ચોસઠ પ્રકારના અવાજો ઉત્પન્ન કરી શકાતા હતા! આનો બહોળો ઉપયોગ પછી શરૂ થયો જે માટે મયંકભાઈ ખરેખર અભિનંદનને પાત્ર છે. વ્યવસાય ક્ષેત્રે પણ મયંકભાઈએ સંશોધન કરેલ છે.

'સુર મધુર'ના કલાકારોએ યુવક મહોત્સવોમાં અનેકવાર વિજેતા બનીને સંસ્થાને ગૌરવ અપાવ્યું છે. જો કે ૧૯૮૮ના વર્ષથી મયંકભાઈની નિર્ણાયક તરીકે પસંદગી થઈ અને તે જ વર્ષથી સુર મધુરના કલાકારોને ભાગ લેવડાવવાનું બંધ કરીને ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડ્યું છે.

૧૯૮૪, ૮૫, ૮૬ ના વર્ષોમાં ગાંધીનગરની કૉલેજોના વાર્ષિકોત્સવ કાર્યક્રમોમાં પણ મયંકભાઈએ યાદગાર શો કરાવ્યો હતા. કોમર્સ કૉલેજની ટેલેન્ટમાં પ્રા. શૈલેશભાઈ મકવાણાના તમામ સહયોગ વડે અને ઈલેક્ટ્રોનીક્સ ટેકનોલોજી સાથે મયંકભાઈએ તૈયાર કરાયેલા 'આફ્રિકન ઝુલુ' ડાન્સની રજૂઆતથી પ્રેક્ષકો મંત્રમુગ્ધ બની ગયા હતા. જેના સંસ્મરણો આજે પણ પ્રોફેસર મિત્રો, કૉલેજ સાથીઓ વાગોળે છે. આમ સુરમધુરે આધુનિક ટેકનીક સાથે નૃત્યક્ષેત્રે પણ ધડાકાભેર શરૂઆત કરી. રાસ-ગરબા, લોકનૃત્યો વિગેરેમાં પણ સુરમધુર જગતસિંહ ઝાલા, હરેશ રાઠોડ, સી.એમ. પટેલ, રક્ષિત પંડિત, નીતિન દવે, હેમાક્ષી દેસાઈ વિગેરે (આજના પ્રથમ હરોળના કલાવિદો છે) સાથેના પ્રથમ પેઢીની (૧૯૮૩) શરૂઆતથી જ છવાઈ ગયું છે. કલાકાર બહેનોએ પણ 'જય હનુમાન', 'શ્રીકૃષ્ણ' અને 'ઢોલો મારા મલકનો' વિગેરે ફિલ્મોમાં નૃત્યો રજૂ કર્યા.



માતાપિતાનો અને નાગર સંસ્કૃતિનો જન્મજાત વારસો તો ખરો જ! કોઈપણ ઔપચારિક સંગીત તાલીમ નહીં પણ આંતરિક સુઝ, ઊંડી લગન, ખંતપૂર્વક રિયાઝ, શ્રવણ અને વાંચન દ્વારા કરેલી સંગીત સાધના વડે મયંકભાઈએ સુરમધુર કલાવૃંદના અનેક સ્ટેજ શોની સફળ રજૂઆત કરી છે.

પિતાશ્રીની ઈચ્છા મુજબ, તેમણે ભેટ આપેલા મકાનમાં ૧૯૮૭માં મયંકભાઈએ 'સુરમધુર રેકોર્ડીંગ સ્ટુડીયો'ની સ્થાપના કરી અને તેમાં સાઉન્ડર રેકોર્ડીંગના આધુનિક સાધનો વસાવ્યા. જાણીતા કલાકારો શ્રી ઉપેન્દ્ર ત્રિવેદી, રાગીણી મૂળરાજ રાજડા, હની છાયા, પ્રવિણ સંપટ વિગેરેના સુંદર રેકોર્ડીંગ મયંકભાઈએ આ સ્ટુડિયોમાં કરી આપ્યા છે. હાલ આ સ્ટુડિયોમાં આધુનિક પદ્ધતિથી ગાયન અને વાદનમાં કલાકારો તૈયાર થઈ રહ્યા છે.

વિવિધ કલાક્ષેત્રે વટવૃક્ષ જેવી આગવી પ્રતિભા ધરાવતા મયંકભાઈએ બે,પાંચ, દસ, વીસ... નહીં પરંતુ અધધધ... થઈ જાય એટલા ૨૦૦થી વધુ એવોર્ડઝ પ્રાપ્ત કરેલ છે. જે અદ્‌ભૂત સિદ્ધિ ગણાય! જેમાં રાષ્ટ્રકક્ષાના પાંચ સહિત શહેર, રાજ્ય, રાષ્ટ્રીય, આંતરરાષ્ટ્રીય, સામાજિક સન્માનો વિગેરેનો સમાવેશ થાય છે. આમ છતાં તેઓ એક અદના કલાગુરુ રહ્યા છે અને પોતાના જ્ઞાન અને આવડતનો લાભ આજ સુધીમાં ૧૫૦૦ જેટલા શિષ્યોને આપ્યો છે.

મયંકભાઈએ માતૃશ્રીની યાદમાં ૧૯૮૫થી સતત દસ વર્ષ સુધી 'સ્નેહલબા વિજય પદ્મ' ગરબા હરિફાઈનું સુંદર આયોજન કરીને નગરજનોની સરાહના મેળવી હતી. છેલ્લા સત્તર વર્ષથી ગાંધીનગર જિલ્લાનાં તમામ ક્ષેત્રના કલાકારો અને કલારક્ષિકોનું સ્નેહમિલન અને સાંસ્કૃતિ કાર્યક્રમનું આયોજન દર લાભપાંચમે મયંકભાઈ દ્વારા કરવામાં આવે છે. જેમાં સૌ કલાકારો ઉમળકાભેર ભાગ લે છે.

મયંકભાઈના નેતૃત્વ નીચે સુરમધુર વૃંદે યોજેલા થીમ બૅઈઝડ કાર્યક્રમોની સફળ રજૂઆતની વિગતો (૧) આવી આનંદી નાતાલ (૨) રાષ્ટ્ર વંદના(કારગીલ યુદ્ધ વખતે દૂરદર્શન પર ૩૦૦ પ્રસ્તુતિ) બંનેમાં મયંકભાઈના સ્વરાંકનો (૩) સુરમધુર દશાબ્દી વર્ષની ઉજવણી- સપ્તરંગ-૧ (પાર્થિવ ગોહિલ- દિપ્તી દેસાઈ તથા ૩૫ કલાકારો દ્વારા પ્રસ્તુત.. (૪) રજત જયંતિ- સપ્તરંગ-૨ (૪૫ કલાકારો સાથે પ્રસ્તુતિ) (૫) અમર સદા અવિનાશ (૨૦ અગ્રણી નાગર ગાયકો દ્વારા રજૂઆત (૬) મન્નાડે મહોત્સવ (૭) મ્યુઝીક એન્ડ ડાન્સ હીસ્ટ્રી ઓફ ઈન્ડિયા (૮) કૃષિમાં ખુશી (૯) જય જય ગરવી ગુજરાત (આ નૃત્ય નાટિકાના સ્વરાંકનો, સંગીત અને ધ્વનિ મુદ્રણ (૧૦) યુનીટી ઓફ ઈન્ડિયા- સ્વાતંત્ર્યના પચાસમા વર્ષની ઉજવણી. આ ઉપરાંત લોકસાગરના મોતી, ગાંધીવંદના, ફિલ્મીગીતોના કાર્યક્રમો, સંસ્કૃતિકુંજ ખાતે લોકનૃત્યો અને આદિવાસી મહોત્સવોમાં નૃત્યોની રજૂઆત. ૨૦૧૨માં સાપુતારા ખાતે યોજાયેલ સમર ફેસ્ટીવલનું આયોજન અને સંચાલન પણ મયંકભાઈએ કર્યું હતું.

હૈદ્રાબાદ ખાતે યોજાયેલ આફ્રો એશિયન ગૅઈમ્સ અને ચેન્નાઈ ખાતે સાફ ગૅઈમ્સના ઉદ્‌ઘાટન સમારંભમાં ગુજરાતના ૩૦૦ કલાકારોને મયંકભાઈએ રાસે રમાડ્યા હતા. ઉદય-પ્રફુલ્લા શુક્લના ગરબા ગૃપના આફ્રિકન દેશોમાં યોજાયેલ કાર્યક્રમોનું સંગીત સંચાલન મયંકભાઈએ કર્યું હતું. ૨૦૧૨માં દુબઈ ખાતે લોકનૃત્યોના કાર્યક્રમો પણ રજૂ કરીને ગાંધીનગરને ગૌરવ અપાવ્યું હતું.

૧૯૮૮ના વર્ષથી મયંકભાઈ શહેર, જિલ્લા, રાજ્ય અને રાષ્ટ્રકક્ષાની વિવિધ સ્પર્ધાઓમાં નિર્ણાયક તેમજ પસંદગીકાર તરીકે સેવાઓ આપે છે.

કલ્ચરલ ફોરમ દ્વારા યોજાતા દરેક મોટા કાર્યક્રમોમાં (રામકથા, ગ્રીષ્મોત્સવ, નવરાત્રી મહોત્સવો વિગેરે) મયંકભાઈએ સાઉન્ડ એન્ડ લાઈટની જવાબદારી સુપેરે સંભારીને ખ્યાતનામ કલાકારોની સરાહના મેળવી છે.

ગુજરાત રાજ્ય સંગીત અકાદમી તથા ગુજરાત સંસ્કૃતિ કુંજ પ્રતિષ્ઠાનના સભ્ય તરીકે સૌથી નાની વયે મયંકભાઈની નિયુક્તિ થઈ હતી જે ગૌરવપ્રદ બાબત છે.

છેલ્લા ત્રીસ વર્ષથી સતત અને બારેમાસ પ્રવૃત્તિ કરતી સંસ્થા સુરમધુર કલાવૃંદને મયંકભાઈએ હવે ટ્રસ્ટ બનાવ્યું છે. જેના તેઓ ચેરમેન અને મેનેજિંગ ટ્રસ્ટી છે. ઉપપ્રમુખ વીણા દવે તથા ડૉ. વિજય ઉપાધ્યાય અને સ્મિતા અધ્યવર્યુ અન્ય ટ્રસ્ટીઓ તરીકે સેવાઓ આપે છે.

મયંકભાઈના અર્ધાંગીની વીણાબેન અને અણમોલ રત્નો સમા કલાકાર સંતાનો અર્પિતા, ધાર્મિક અને નંદ પણ સુરમધુરનો આધાર સ્તંભ બની રહ્યા છે. સુરમધુરની સ્થાપનાના ત્રીસમા વર્ષની ઉજવણી પ્રસંગે મયંકભાઈ એક ભવ્ય કાર્યક્રમનું નજીકના ભવિષ્યમાં જ આયોજન કરી રહ્યાં છે. ખૂબ ખૂબ શુભેચ્છાઓ...!!